સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ફૂટી નિકળ્યા અનેક હવે, અહીં કસ રહ્યો નથી!
થવું રાષ્ટ્રીય નેતા, અનામતમાં રસ રહ્યો નથી!
રહ્યો નથી મસ, ચસ ચઢાવી સંગઠિત તો કર્યા - !!
સંકલન કે સંગઠ્ઠને, કોઈનો વશ રહ્યો નથી..
(ત્રીજી સમિતિ જાગી...)

હાઈકુ

હવે કહેવું -
'લાલજી' - અભિનંદન...
'હાર્દિક' - નહીં...
(થઈ સમજુતિ)

કાપી નાખે છે,
સંબંધોની એકતા -
શ્રી સરકાર...
(ઇન્ટરનેટ બંધ)

ચિંતન

પરોપદેશે કુશલા દંશ્યન્તે બહવો જનાઃ ।
ધર્મ સ્વીયમનુષ્ઠાન નં કસ્યચિત્ત સમુહાત્મનઃ ॥

'બીજાઓને ધર્મનો - આદર્શનો ઉપદેશ આપવામાં કુશળ હોય એવા માણસો તો આ સંસારમાં અનેક મળી રહે છે, પરંતુ પોતે જે ધર્મ અને આદર્શોનું ઉપદેસન કરે છે તેનું જ પોતાના જ જીવનમાં આચરણ બહુ જ ઓછા-મહાત્માઓ હોય છે.'

આજ-કાલ બાબા-બાપુઓ-કથા-વ્યાખ્યાનોમાં ઉપદેશ તો આપતા હોય છે પણ તેમનાં ખૂદના આચરણ એમના ઉપદેશથી વિપરીત જ હોય છે.

તુલસીદાસજી એ પણ 'રામચરિત' માં કહ્યું છે 'પર ઉપદેશ પંડિત ઘને રે...'

માત્ર બાબા-બાપુઓની વાત નથી. નેતાઓ-શિક્ષકો-પરિવારના વડીલો બધા જ આ પંક્તિમાં આવે છે. બહુ બોલવા કરતાં પોતાનું ચરિત્ર જ 'આદર્શ' બનાવવાની જરુર છે.

સુવિચાર

- બેશરમ દુઃખ નોતરાની રાહ જોતાં નથી,
  સ્વમાની સુખ આજીજી કરીને થાકો તોય એ એના નિશ્ચિત સમજે આવે છે - **ડો. વીજળીવાળા**
- સત્ય અને અહિંસા એવી મિસાઈલ છે
  જેનાથી દુનિયામાં સંપૂર્ણ શાંતિ સ્થાપિત કરી શકાશે - **એ.પી.જે. કલામ**
- જે સમયનો સૌથી 'દૂર ઉપયોગ' કરે છે
  તે જ 'સમય નથી' એવી ફરિયાદ કરતાં હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ચારિત્ર્યનો પાયો સત્કર્મ છે અને સત્કર્મનો પાયો સત્ય છે - **નવનિત**
- એ જ મોટી કરૂણતા છે જીવન નાટકની... છે ફક્ત પાત્રો બધાં...
  કોઈ કલાકાર નથી - **નાઝ માંગરોળી**
- વિવેકના પરિઘની બહાર પગ મૂકીએ એટલે વિનાશ વળગે,
  કલ્યાણ જોખમાય જીવનનો આનંદ ખોરવાય - **અખંડ આનંદ** (સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

અહંકારી-ઘમંડી હંમેશા 'હું', 'મેં કર્યું', 'મારા જેવું કોઈ નથી'નું અભિમાન કરે છે. અહંકાર હોય ત્યાં 'જ્ઞાન' રહે નહીં. એવા માણસ અજ્ઞાની છે. ઈશ્વર સર્વસત્તાધીશ છે એ જ કર્તા-હર્તા છે. આપણે તો આપણાં પૂર્વજન્મોનાં કર્મો પ્રમાણે એના હાથનાં રમકડાં છીએ. (ચાવી દીધેલાં કે પાવર નાખેલાં)..

સ્વામી રામકૃષ્ણ પરમહંસ એક વખત ભક્તિ સત્સંગ 'અહંકાર' સમજાવતા આ ઉદાહરણ આપ્યું.

વાછરડો હંભા-હભાં (હું - હું) મોટા અવાજે (ટીવી માઈક- રેડિયોમાં) બોલ્યા કરે છે, તેથી કસાઈનું ધ્યાન જતાં તેને ઉપાડી જાય છે. કાપી નાખે, માંસ વેંચાઈ જાય તેના 'ચામડાં' જૂતા બને, ઢોલ બની ખૂબ પિટાય છે. ત્યારે તો અનહદ પીડા અનુભવાતી હશે. વળી વાછડાનાં આંતરડામાંથી તાંત બને છે જે પીંજવાના યંત્ર પર પણછની જેમ મજબૂત-ખેંચીને બાંધવામાં આવે છે. આટઆટલી પીડા સહ્યા પછી વાછડો હંભાં - હંભા બોલતો બંધ થઈ- તાંત સ્વરુપે 'તું - તું' (હે ઈશ્વર ખરો તો તું જ છે) એમ બોલવા લાગે છે.

કિસાનોના ખભા પર ચઢી પુનરાગમનનાં સ્વપ્ન સેવતી કોંગ્રેસ

તંત્રીસ્થાનેથી....

નવી દિલ્હીના ઐતિહાસિક રામલીલા મેદાનમાં કંઈ કેટલાય રાજનેતાઓના કિસ્મતની કુંડળી મંડાતી રહી છે. આઝાદી પછી આ મેદાન વિશાળ જનસભાઓ માટે સૌથી લોકપ્રિય સ્થળ તરીકે લાઈમ લાઈટમાં રહ્યું છે. રેલી કિસાન નેતા મહેન્દ્રસિંહ ટિકૈતની હોય કે જયપ્રકાશ નારાયણની; અટલ બિહારી વાજપેયીની જાહેરસભા હોય કે ઈન્દિરા ગાંધીની - દરેકની સાથે રામલીલા મેદાનનું નામ સંકળાયેલું જોવા મળે છે. છેલ્લે આ મેદાનમાં અણ્ણા હજારેનું જનલોકપાલ આંદોલન ચાલ્યું હતું. હમણાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ આ મેદાનમાં કિસાન સમ્માન રેલી યોજીને ધ્રુજારો સર્જવાનો પ્રયાસ કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રણ ત્રણ વાર વટહુકમ જારી કરીને ભૂમિ અધિગ્રહણના 'સુધારેલા' ખરડાનો અમલ કરવાનો પરિશ્રમ કર્યો, પરંતુ રાજયસભામાં વિપક્ષની બહુમતી હોવાને લીધે ખરડો પસાર ન કરી શક્યા એ પછી એમની પાસે જે છેલ્લો વિકલ્પ બચ્યો હતો તે બેઉ ગૃહોનું સંયુક્ત સત્ર બોલાવી ફેંસલો પાડી દેવાનો હતો. મોદીએ એવું સાહસ કરવામાં રહેલું જોખમ સૂંઘી લીધું હતું. આખું ચોમાસું સત્ર આ ખરડાના નામે હોમાઈ ગયું હતું. વિપક્ષે એક દિવસ પૂરતી પણ રાજયસભા ચાલવા નહોતી દીધી, એની સામે આવું પગલું લેવા કરતાં વ્યૂહાત્મક પીછેહઠ કરવામાં જ શાણપણ હતું. કેન્દ્ર સરકારે સુધારેલ જમીન સંપાદન બિલ પસાર કરવાનો આગ્રહ જતો કરીને યુપીએ સરકાર દ્વારા પારિત મૂળ કાયદો યથાવત્ રાખતાં કોંગ્રેસ માટે સરકારને ઝુકાવી શકવાની ક્ષમતાનો અહેસાસ જાગ્યો છે. રાહુલ ગાંધીએ દેશભરમાં કિસાન સભાઓ યોજી આ મુદ્દે મોદી સરકાર વિરુદ્ધ વ્યાપક લોકમત ઊભો કર્યો હતો. મોદીનું જમીન સંપાદન બિલ કિસાનોના હક્કો પર તરાપ સમાન હોવાની રજૂઆત ખેડૂત આલમના ગળે ઉતારવામાં એમને મહદંશે સફળતા પણ મળી હતી. આખરે આ બિલ પડતું મૂકી સરકારે કોંગ્રેસ સામે નૈતિક હાર સ્વીકારી હોય એવો માહોલ સરજાયો હતો. આ માહોલને રાજકીય પુનરાગમનની સુવર્ણ તકમાં પરિવર્તિત કરવાના આશય સાથે યોજાયેલ કિસાન સમ્માન રેલીમાં રાહુલ ગાંધીએ મોદી સરકારને 'મેક ઈન ઈન્ડિયા' માં નહીં બલકે 'ટેક ઈન ઈન્ડિયા' માં અને 'સૂટ-બૂટ' વાળી સરકારને કિસાનોની બીજી માતા સમાન ધરતી માતાને લૂંટવામાં રસ હોવાનો આક્ષેપ કર્યો હતો. સોનિયા ગાંધીએ પણ એમના પ્રભાવક વકતવ્યમાં સરકાર ઉદ્યોગપતિઓના લાભાર્થે કિસાનોની જમીન પડાવી લેવા માગતી હતી તેને કોંગ્રેસે ઘૂંટણિયે પાડી દઈ દિગ્વિજય હાંસલ કર્યો હોય એવી રજૂઆત કરી હતી. રેલી પછી કેન્દ્ર સરકાર તરફથી પ્રવક્તા મંત્રી રવિશંકર પ્રસાદે રોબર્ટ વાડરાના કથિત જમીન કૌભાંડની યાદ અપાવી મા-દીકરાની પાર્ટી પર પ્રહારો કર્યા હતા. મોદી કે રાહુલ-સોનિયા પૈકી કોઈ સાચા અર્થમાં 'કિસાન' નથી. પરંતુ આ દેશમાં હજી પણ ઘણો મોટો ગ્રામીણ જન સમુદાય કૃષિ પર નિર્ભર છે, એની બેઉ પક્ષોને પ્રતીતિ છે. કોંગ્રેસ માટે કિસાનો સૌથી મહત્ત્વની વોટબેંક બની શકે એમ છે, કારણ કે સત્તામાં આવતાંની સાથે મોદી સરકારે એનું મૂડીવાદી અને શહેર તરફી વલણ દર્શાવતાં પગલાં લેવા માંડ્યાં હતાં. તે દેશના ખેડૂતોએ નજરોનજર નિહાળ્યું છે. મોદીને દેશ-વિદેશમાં ઊડાઊડ કરવામાં રસ છે. વિવિધ રાજયોમાં ભાજપની સરકાર પ્રસ્થાપિત કરવા માટે મોદી એમની પ્રભાવક વાક્છટાનો ભરપૂર વિનિયોગ કરતા રહે છે પરંતુ તેઓ કયારેય નાના સીમાન્ત ખેડૂતના દુઃખદર્દ માટે દોડી ગયા હોય એવો કિસ્સો નોંધાયો નથી. કિસાનોની આત્મહત્યાનો સિલસિલો ચાલુ રહ્યો છે ત્યારે કેન્દ્રની સરકાર દેશને વિશ્વની મહાસત્તા બનાવવાના અને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ જેવાં બિનજરુરી અનુષ્ઠાનોમાં વ્યસ્ત રહે છે. દેખીતી રીતે જાયરે દેશમાં કિસાનો અસંગઠિત છે અને એમની પાસે એમનો પોતાનો કહી શકાય એવો કોઈ રાષ્ટ્રીય કક્ષાનો આગેવાન નથી, ત્યારે પ્રસ્થાપિત રાષ્ટ્રીય પાર્ટીના કર્ણધાર રાહુલ ગાંધી માટે એમનો સહયોગ મેળવવાનું અઘરું નથી.

પંડિત સુખલાલજી : માનવ પુરુષાર્થનો મહાગ્રંથ

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

માનવ પુરુષાર્થની મહાકથા સમાન જીવતર જીવી જનાર પંડિત સુખલાલજીને સંવત્સરીના પ્રસંગેયાદ કરીને તેમના ઉજળા જીવનને વંદન કરવાનો તથા પ્રેરણા લેવાનો પ્રસંગ છે. પંડિતજીને સંત કબીર જેવા મૌલિક તથા ક્રાંતિકારી સંત તરીકે ઓળખાવીને વાડીલાલ ડગલીએ યોગ્ય સરખામણી કરી છે તેમ કહી શકાય. જીવનના સાર્થક ૭૫ વર્ષ પૂરા કર્યા ત્યારે ૧૯૫૭ માં પંડિત સુખલાલજીનું સ્વયંભૂ જાહેર અભિવાદન કરવામાં આવ્યું. ડૉ. સર્વપલ્લી રાધાકિષ્નન જેવા વિદ્વાનના પ્રમુખસ્થાને આ ગૌરવયુક્ત સમારંભ થયો. મુંબઈ યુનિવર્સિટીમાં યોજવામાં આવેલા આ સમારંભની શોભા સમાન વક્તવ્ય કાકાસાહેબ કાલેલકરે આપ્યું. ડૉ. રાધાકિષ્નને પંડિતજીને ચેતના પુરુષ કહ્યાં. કાકાસાહેબે પંડિતજીને ગાંધીયુગના દર્શનશાસ્ત્રી તરીકે ઓળખાવ્યા. પંડિતજીની સમન્વયકારી અને માનવીય નિસ્બત ધરાવતી ઉદાર ફિલસૂફિનો નિચોડ તેમના રચેલા ગ્રંથોમાં જોવા મળે છે તે વાતનો વિદ્વાન લોકોએ પુનરોચ્ચાર કર્યો. ગુજરાતી સમાજ પર જૈન દર્શન તથા જીવન જીવવાની પધ્ધતિની એક ઊંડી અસર જોવા મળે છે. શ્રીમદ રાજચન્દ્ર કે પંડિત સુખલાલજી જેવા પ્રકાંડ પંડિતોની વાણી થકી આપણું સાહિત્ય તથા આધ્યાત્મિક જીવન સમૃધ્ધ થયું છે. સમાજ જીવનમાં પડેલા આ ઊંડા સંસ્કારના બળે અનેક પ્રકારના દુષણો આવતા અટકાવી શકાયા છે કે નિયંત્રણમાં રાખી શકાયા છે. વિશ્વના કેટલાય ભાગના લોકો ભિન્ન ભિન્ન કારણોસર ભય કે આતંકના ઓળા હેઠળ જીવન જીવે છે ત્યારે તિર્થંકર દેવોનો સર્વજન હિતાય સર્વજન સુખાયનો મંત્ર વિશેષ પ્રાસંગિક બનેલો છે.

પુષ્પ પાંખડી જ્યાં દુભાય
જિનવરની ત્યાં નહિ આજ્ઞાય
સર્વ જીવોનું ઈચ્છો સુખ
મહાવીરની શિક્ષા મુખ્ય.



લગભગ એકસો દસ વર્ષ પહેલા વીરમગામથી લોકલ ટ્રેઇન પકડીને ઝાલાવાડના એક નાના એવા ગામડાનો યુવાન કાશી વિદ્યા પ્રાપ્ત કરવા માટે પ્રયાણ કરે તેજ એક અનન્ય ઘટના છે. પરંતુ જ્યારે એ યુવાન પ્રજ્ઞાચક્ષુ છે તથા ભાગ્યેજ જીવનાં કોઈ લાંબી મુસાફરીનો તેનો પૂર્વ અનુભવ છે તેની જાણકારી થાય ત્યારે આ પડકારરૂપ પુરુષાર્થ કરનારની વીરતા તરફ અહોભાવ થવો સ્વાભાવિક છે. કુટુંબના તમામ સભ્યોની ચિંતા તથા અસહમતિ તેમજ પડકારરૂપ શારીરિક સ્થિતિ હોવા છતાં સરસ્વતીની સાધના માટે કાશી જવા નીકળેલા પંડિત સુખલાલજીનું જીવન ગંગાના પ્રવાહ સમાન પવિત્ર તેમજ ગતિશીલ છે. વાડીલાલ ડગલી તથા નવલભાઈ શાહ જેવા વિદ્વાન લોકોને પંડિતજીને જોઈને જગવિખ્યાત ચિંતક સોક્રેટીસની સ્મૃતિ તાજી થાય તો તે નવાઈની વાત નથી. નાનાભાઈ ભટ્ટને પંડિતજીના જીવનમાં જ્ઞાન તથા આચરણનો સુમેળ દેખાયો છે. પંડિત સુખલાલજીની આભા કદી ઝાંખી પડે તેવી નથી. ધર્મના સર્વગ્રાહી ચિંતનને પોથીમુક્ત કરવાની ક્ષમતા ધરાવનારા પંડિતજીનું જીવન કોઈપણ સામાન્ય માણસને પણ પ્રેરણા આપી શકે તેવું ઉજ્વળ છે. દેહને કર્મનો ભોગ તો ભોગવવો પડે પરંતુ જીવનની યાત્રામાં નિરંતર ઉર્ધ્વગતિ હોય તો સહજ આત્મસ્વરૂપ સ્વદેશમાં પહોંચવાનો પુરુષાર્થ પાર પડે તેવા શ્રીમદ્ રાજચન્દ્રના શબ્દોનું પ્રતિબિંબ પંડિતજીના જીવનમાં ઝીલાયું છે.

અવશ્ય કર્મનો ભોગ છે
ભોગવવો અવશેષ રે
તેથી દેહ એકજ ધારીને
જાશું સ્વરૂપ સ્વદેશ રે...

સંવત્સરીના પવિત્ર પસંગે ગુજરાતના આ મહાન ચિંતક તેમજ દાર્શનિક મનિષિનું સ્મરણ થાય તે સ્વાભાવિક છે. પંડિતજીનું જ્ઞાન ઘણું વ્યાપક તથા વિશ્વતોમુખી છે અને જૈન

અનુસંધાન પાના નં.૭ પર

લોગ જીને કી તગાદૌ મે હી મર જાતે હૈ

અપને દફ્તર સે નિકલે હૈ તો ઘર જાતે હૈ,
લોક જીને કી તગાદૌ મેં હી મર જાતે હૈ
- શફીક મુન્નવર

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

ઘણાં વખત પહેલાં એક સામયિકમાં હિન્દી કવિતા 'વિદેહ'નો ભાવાનુવાદ વાંચ્યો હતો.

નાયક સાંજે ઘરે પહોંચે ત્યારે પત્ની ચાનું ન પૂછે, બાળકો રુમમાં વાંચવામાં મશગૂલ હોય, નોકર બેપરવાહીથી ઝાડું મારતો હોય, બધા એમ વર્તતા હતા કે હું છું જ નહિ, પછી મને મારા માટે પણ વહેમ આવવા લાગ્યો.

હું મને જ પૂછવા લાગ્યો કે આજે મારો દેહ કયાં ગયો? રેડિયો ચલાવવાની ઈચ્છા કરી તો હાથ ગાયબ. અજાયબ થઈ ગયું. બોલવા ગયો તો મોઢું જ ન હતું. દૃષ્ટિ હતી પણ આંખો ન હતી. વિચાર આવતા-રહેતા પણ માથુ ગેરહાજર. હું મારામાં ખોવાઈ ગયેલા અસ્તિત્વને શોધવા લાગ્યો.

પછી ધીરે ધીરે ખબર પડી કે માથું કેમ નથી એનું કારણ સમજાયું. માથું તો ઓફિસમાં મૂકીને આવ્યો હતો. તો પછી હાથ કયાં ગયા? હાથ તો બસમાં જ ટીંગાતા રહી ગયા હતા. આંખો તો ફાઈલમાં અટવાઈ ગઈ હતી, અને કહો ન કહો પણ પગ તો કયૂમાં જ રહી ગયા હતા.

જો મને હાથ, પગ, મોઢું, આંખ ન હોય તો મારા ઘરના માણસો મને ઓળખે કઈ રીતે?

હું આજે મારા જ ઘરમાં વિદેહ થઈને પાછો આવ્યો છું.

આજે આપણે કામમાં એટલા બધા ગળાડૂબ બની ગયા છીએ કે વર્ણવ્યા જેવી જ આપણી હાલત થઈ ગઈ છે. જીવનમાં રસ કસ કશો રહ્યો નથી. આપણને પણ ખબર નથી કે આપણે રોબોટ જેવા થઈ ગયા છીએ. જીવનને રૂટિન બનાવી દીધું છે. વર્કોહોલિક થઈ ગયા. સવારે ઊઠીને પ્રાતઃવિધિ પતાવી ફટાફટ ચા-નાસ્તો કરીને ઓફિસ માટે નીકળી જવાનું, આખો દિવસ નર્યા દંભી માણસો સાથે પોતે પણ દંભ કરી પરાણે ચોકઠું હસતું રાખવાનું. સાંજે પાછું ઘરે આવીને જમવાનું અને સૂઈ જવાનું તે વહેલી પડે સવાર.

કુદરતની કરામત-સવારનો કુમળો તડકો, પક્ષીઓનો કલરવ, ખિલકોલીની ઝાડ પર ચડ-ઉતર, બપૈયાનું ઘું-ઘું, તમારા બગીચામાં ઊગેલું ગુલાબ, મોગરાની સુગંધ, રાતરાણીની સુગંધ આ બધુ તમે છેલ્લે કયારે જોયું'તું? યાદ નથી આવતું ને? તો આ ખતરાની ઘંટી છે. કરોડો વર્ષથી ઊગતા અને આથમતા સૂર્યને આપણે 'રૂટિન' બનાવી દીધો છે, અને પાછા આબુમાં સનસેટ જોવા જઈએ છીએ. ચંદ્રની વધતી-ઘટતી કળાઓની નોંધ લેવાનું આપણે લગભગ છોડી દીધું છે પણ શરદપૂનમને દિવસે છાકટા બનીને ગરબે ઘૂમશું, દૂધ-પૌઆ ગળચશું. ખરા અર્થમાં શારદીય ઉત્સવ કયારે ઊજવી શકીશું તે સવાલ છે.

આપણે દરેક કામ અઘકચરા જ કરીએ છીએ, પૂરતા આનંદ સાથે નથી કરતા, કરવા ખાતર કરીએ છીએ, મન લગાવ્યા વગર કરીએ એટલે એમાં કોઈ સાર ન આવે, ઉત્સાહ નથી હોતો આપણામાં, જવાબદારીઓનો બોજ વેંઢારતા આપણે આપણી જાતને ડફણા મારીએ છીએ.

એક પુસ્તકમાં વાચ્યું હતું કે - જીવનમાં આજની તાજી કૂંપળ, કાલનું લીલુછમ્મ પાંદડું, અને પરમ દિવસે સૂકું પાદડું બની જાય છે, આજની મુગ્ધતા, આવતીકાલની સમજદારી, પરમદિવસની પરિપકવતા અને પછીના દિવસની રીઢાપણું બની શકે છે, પણ આપણે આજની મુગ્ધતા ટકાવી રાખવાની છે.

આપણને જે સમુદ્રકિનારે જવાનું કે માથેરાનની વાદીઓનું આકર્ષણ હોય ત્યાં અધવાડિયું રહ્યા પછી ધીમે ધીમે, આપણે ઊબાઈ જઈએ છીએ, મનુષ્યનું મન અને દૃષ્ટિ જ આ બધું સર્જવા માટે જવાબદાર છે, **મનઃ એવ મનુષ્યણાં કારણં બંધમોક્ષયોઃ** આપણે જો આપણા મનમાં વિસ્મયભાવ ટકાવી રાખીએ તો દરેક ફૂલ પ્રતિદિન નવા રુપે, રંગે, સુગંધે દેખાશે, સૂર્યમાંથી ફક્ત વિટામીન-ડી જ નહીં પણ અખૂટ શક્તિ પામી શકીશું અને પછી તો પૂનમની શીળી ટાઢક મળી જ સમજો.

કેટલાક માણસો જીવતે જીવત મૃત્યુ પામેલા હોય તેવા લાગે છે, કારણ કે તેમને માટે જિંદગી એ રૂટિનનો પર્યાયવાચી શબ્દ છે. જીવનને ક્ષણે-ક્ષણે માણવા માટે તેને 'રાબેતા મુજબ'નું બનતા અટકાવીએ, નાના-નાના પ્રસંગોમાંથી આનંદ મેળવતા જઈએ.

જીવનને ક્ષણે-ક્ષણે માણવા માટે તેને 'રાબેતા મુજબ'નું બનતા અટકાવીએ, નાના-નાના પ્રસંગોમાંથી આનંદ મેળવતા જઈએ

'રાબેતા મુજબ' નું જીવન જીવતા થઈ ગયા છીએ, જીવન જયારે રૂટિન બની જાય ત્યારે નરી વેઠ બની જાય છે. નાની-નાની વસ્તુમાં આનંદ આવતો નથી.

સવારના પહોરમાં શાંતિથી ચા પીવાની ચાહ ન રહે, આરામ-ખુરશી પર બેઠા-બેઠા છાપના પાના પર વિહંગાવલોકન કરી છાપું બાજુ પર મૂકી દઈએ, સ્નાન કરતી વખતે ગંગે ચ યમુને... શ્લોક બોલતા બે ડબલા રેડી અડધા કોરા જ બહાર નીકળીએ, ભોજનને જયારે આપણએ માત્ર પેટનું ભાડું ચૂકવવા માટેની પ્રક્રિયા ગણીએ જયારે આપણે માત્ર કેમ છો? તમે મજામાં હશો - અમે મજામાં છીએ પૂરતા જ સંવાદ કરતા થઈ જઈએ - ત્યારે સમજવું કે તમે ગંભીર બિમારીના શિકાર થઈ રહ્યા છો.

jayuoza@gmail.com

અતિથિ તરીકે કોઈના ઘરે રહેવા જઈએ ત્યારે તેમના ગણા-અણગમા, રીતરિવાજ ને નિત્યક્રમને અનુકૂળ થઈએ તો પરિણામ સ્વરુપે અત્યંત ઘનિષ્ઠ સંબંધો જીવનભરના મળે છે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'આ વખતે ભલે અનહદ પ્રેમ આપ્યો, હવે આવો ત્યારે આટલો બધો પ્રેમ ન કરતા કે યજમાન તરીકે અમે તમને દરવાજા સુધી મુકવા પણ ન આવી શકીએ.'

વ્યવહાર જગતમાં ઉલટી લાગે એવી વાત ચંદ્રિકાભાભીએ શેખરને કરી ત્યારે શેખરને આંચકો ન લાગ્યો, એ આદરપુર્વક એમને પગે લાગ્યો. ભેટ્યો અને બંનેની આંખોમાં પ્રેમનો સાગર છલકાઈ ઊઠ્યો.

વિશ્વના સૌથી મોંઘા શહેરો પૈકીનું એક શહેર લંડન. અહીંના પ્રવાસન સ્થળોની તસવીરો જોઈ જોઈનેઆંખોમાં એ શહેર જોવાના સપના ઉછેરનાર શેખર એની કઝીન સાથે પહેલીવાર લંડનના હીથ્રો એરપોર્ટ પર ઉતર્યો હતો. એક સામાજિક-ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેવાનું નિમંત્રણ મળતા તે લંડન ગયો હતો. આનંદ અને રોમાંચથી છલોછલ હૈયું લઈને અરાઈવલ લાઉન્જમાં આવ્યો તો જોયું કે એક ભાઈ હાથમાં એના નામનું પ્લે કાર્ડ લઈને બીજા હાથમાં આઈસ્ક્રીમ કોન ખાઈ રહ્યા હતા.

'હાય, જય શ્રીકૃષ્ણ' તુષારે કહ્યું, એમણે જવાબમાં કહ્યું, 'હાય જય શ્રીકૃષ્ણ, હું નરેન હાથી' પ્રાથમિક પરિચયની વાતો કરતા કરતા ગાડીમાં ગોઠવાયા. દસ-પંદર મિનિટ પસાર થઈ અને તેમણે કોઈને મોબોઈલ ફોનથી વાત કરી.

'ચંદ્રિકા, તું ઘરે આવી ગઈ છે? સામેથી હા નો જવાબ મળતાં એમણે શેખરને પુછ્યું.'

'ચા ઈંગ્લીશ ફાવશે કે આપણી કાઠિયાવાળી આદુવાળી?' જવાબ મળતાં ફરી એમણે કહ્યું,

'સાંભળ ચંદ્રિકા, નરેશનો ફોન હતો, એરપોર્ટથી બે મહેમાનોને લઈને એના ઘરે મુકી જવા માટે, વચ્ચે આપણા ઘરે લઈને આવું છું, મસ્ત કાઠિયાવાડી ચા બનાવી રાખ, અમે થોડીકવારમાં પહોંચ્યા.'

કિંગ્ઝબરી વિસ્તારમાં એમના ઘરે પહોંચ્યા, મુળ પોરબંદરનો આ પરિવાર પિતાજીના વાત્સલ્યની હૂંફ અને બે યુવાન દીકરાઓ સાથે રહેતો હતો.

ચા-નાસ્તો થયા ત્યાં શેખરે જોયું કે નરેનભાઈ ગાડીમાંથી તેમનો સામાન ઘરે લાવી રહ્યા છે.

'અરે અમારે તો અહીંથી નરેશભાઈને ત્યાં જવાનું છે ને?' શેખરે કહ્યું.

'સાચી વાત છે, ત્યાં જવું હોય તો ત્યાં મુકી જઈશ, પણ વીતેલા એકાદ કલાકમાં અમને તમારી સાથે લાગણીનો તાર બંધાઈ ગયો છે, એટલે અહીં જ રહો તો અમને ગમશે' નરેનભાઈએ કહ્યું.

અને આમ નરેનભાઈ અને ચંદ્રિકાભાભીના ઘરમાં અતિથિ બનીને આવેલા શેખરના જીવનના ૨૮ દિવસો કયાં પસાર થઈ ગયા તેનો ખ્યાલ પણ ન રહ્યો. બંને જણા આ પરિવાર સાથે એવા આત્મીય બની ગયા જાણે વર્ષોના સંબંધો હોય. સવારે કે સાંજે ચા-કૉફી બનાવવી, શાક સમારવું, વૉક પર જવું, ડાઈનિંગ ટેબલ ગોઠવવું અને ભોજન બાદ સ્વચ્છ કરવું, પૂજાનો પ્રસાદ તૈયાર કરવો, મંદિરે અને કથા-સત્સંગમાં કે વિવિધ કાર્યક્રમોમાં જવું જેવા નિત્ય કાર્યોમાં અને અન્ય કામગીરીમાં સહજપણે જોડાવાને કારણે પરસ્પર એકબીજા માટેનો પ્રેમ વધતો જ રહ્યો. નરેનભાઈ એમના આર્કીટેકચર તરીકેના વ્યવસાયમાંથી અને ચંદ્રિકાભાભી એમની જૉબમાંથી સમય કાઢતા રહે અને લંડનના પ્રવાસન સ્થળોની મુલાકાત કરાવતા રહ્યા. શેખરને તો દાદાજી સાથે વાતો કરવાની પણ ખુબ મજા પડતી. પ્રેમભીના આ સ્મરણોની સુગંધ લઈને આજે સાંજની ફલાઈટમાં પરત ભારત જવાનું હતું. ચા નાસ્તો કરવા સહુ બેઠા હતા ત્યારે ચંદ્રિકાભાભીએ શેખરને લેખના આરંભે લખાયેલું વાક્ય કહ્યું અને ઉમેર્યું.

'અમે જીવતા હોઈએ ત્યાં સુધી હવે લંડનમાં આ ઘર તમારું, તમારે હંમેશા અહીં જ રહેવાનું...'

સાચ્ચે જ લાગણીવશ થઈને ચંદ્રિકાભાભી દરવાજા સુધી આવજો કહેવા ન આવ્યા અને શેખર એમના પ્રેમને મનોમન વંદન કરી નરેનભાઈની કારમાં એરપોર્ટ તરફ નીકળી ગયો.

પ્રસ્તુત સત્ય ઘટનામાં નરેનભાઈ અને ચંદ્રિકાભાભીનો એક સાવ અજાણ્યા વ્યક્તિ પરનો પ્રેમ, એમાંથી પ્રગટતો એક પારિવારિક સંબંધ અને પરસ્પર માટેનો પ્રેમ ઊડીને આંખે વળગે છે.

સામા પક્ષે શેખર અને તેની કઝીન પણ યજમાનને અનુકૂળ થઈને રહ્યા ને તેમનો પ્રેમ સંપાદન કર્યો એ વાત મહત્ત્વની છે. જયારે અતિથિ તરીકે કોઈના ઘરે રહેવા જઈએ ત્યારે તેમના ગણા-અણગમા, રીતરિવાજ ને નિત્યક્રમને અનુકૂળ થઈએ તો પરિણામ સ્વરુપે અત્યંત ઘનિષ્ઠ સંબંધો જીવનભરના મળે છે.

આખરે તમામ ધર્મનો કે સંબંધોનો સાર પ્રેમ છે. એ પ્રેમ માર્ગે એવા સરસ સંબંધો આવી મળે છે, મુકામ રુપે કે જયાંથી નીકળતી વખતે યજમાનને આવજો કહેવાનું મન ન થાય. આવા સંબંધો જીવનમાં ફળે ત્યારે અજવાળા રેલાય છે.

આખરે તમામ ધર્મનો કે સંબંધોનો સાર પ્રેમ છે, એ પ્રેમ માર્ગે એવા સરસ સંબંધો આવી મળે છે, મુકામ રુપે કે જયાંથી નીકળતી વખતે યજમાનને આવજો કહેવાનું મન ન થાય, આવા સંબંધો જીવનમાં ફળે ત્યારે અજવાળા રેલાય છે

તેજપૂંજ :
પ્રેમ જબ અનંત હો ગયા,
રોમ રોમ સંત હો ગયા.